सत्यमेव जयते

| | |
|---|---|
| દાવો દાખલ તા. | ૦૩/૦૮/૨૦૨૧ |
| દાવો રજીસ્ટર તા. | ૦૩/૦૮/૨૦૨૧ |
| દાવો ફેંસલ તા. | ૨૯/૧૨/૨૦૨૫ |
| અવધિ | વર્ષ : માસ : દિવસ : |

---

**પોરબંદરના નામદાર બીજા એડી સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મું. પોરબંદર**

---

**દિવાની પરચુરણ અરજી નંબર ૫૨/૨૦૨૧**
**આંક :**

**ચેતના ડો/ઓ કિશોરલાલ શાહ**
**તે વા/ઓ જસ્મીન ભગત**
**ઉ.વ.આ. ૫૭, ધંધો : ઘરકામ**
**ઠે. ૪૦૨, મયુર રેસીડન્સી**
**૯/૧૦ પટેલ કોલોની રોડ નં.૩**
**પટેલ કોલોની, જામનગર** ..... અરજદાર

**-: વિરૂદ્ધ :-**

**xxxxx** ..... સામાવાળા

**બાબત** **ગુ. કિશોરલાલ ભગવાનદાસ તથા ગુજરનાર ઉમેશ કિશોરભાઈ શાહના બંનેના એકલાના તથા સંયુકત નામે રહેલી જંગીમ મિલ્કતનું ઈન્ડીયન સકસેશન એકટ, ૧૯૨૫ ની કલમ-૩૭૨ મુજબ વારસાઈ સર્ટીફિકેટ મળવા અંગે અરજી**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી.ટી.એન.રાઠોડ**
**સામાવાળા તરફે કોઈ નહી**

---

**-: ઠ રા વ :-**

**અરજદારની અરજીની ટુંકમાં હકીકત :-**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,અમો અરજદારના પિતા કિશોરભાઈ ભગવાનદાસ શાહના એકલાના નામે તથા અમો અરજદારના ભાઈના એકલાના તથા પિતા અને ભાઈના સંયુકત નામે નીચે મુજબની જંગમ મિલ્કતો આવેલી છે.

(૧) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુક્ત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક, વાઘેશ્વરી પ્લોટ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં. ૧૯૮૨૩૧૧૧૦૪ માં રહેલ તા.૨૪/૦૯/૨૦૨૦ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૩,૮૦,૬૦૨.૯૦

(૨) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહના એકલાના નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક, વાઘેશ્વરી પ્લોટ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં.૧૯૮૨૩૧૧૧૧૫ પેન્શન એકાઉન્ટમાં રહેલ રકમ તા.૨૪/૦૯/૨૦૨૦ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૧૨,૨૩,૪૫૫.૦૦

(૩) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહના એકલાના નામે પોરબંદરની ભારતીય સ્ટેટ બેન્ક એમ.જી.રોડ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં. ૧૦૨૫૦૮૧૦૪૪૭ માં રહેલ રકમ તા.૦૮/૦૮/૨૦૧૯ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૨,૪૩,૭૧૨.૦૦

(૪) ગુ.શાહ ઉમેશ કિશોરભાઈના એકલાના નામે પોરબંદરની યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડીયા, કુબેર ફોરચ્યુન કોમ્પ્લેક્ષ, એમ.જી.રોડ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં.૧૬૮૧૦૧૦૦૦૩૦૯૪ માં રહેલ રકમ તા.૦૭/૧૨/૨૦૧૯ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૫,૨૯૦.૨૫

(૫) ગુ.ઉમેશ કિશોરલાલ શાહના એકલાના નામે પોરબંદરની વિભાગીય નાગરીક સહકારી બેન્ક લી., ખાદી ભુવન, સુદામા ચોક શાખાના સ્પેશીયલ સેવીંગ બેન્ક એકાઉન્ટ નં.એસ.બી.૬૭૩૩ માં તા.૧૪/૧૧/૨૦૧૭ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૬૮,૫૧૧.૦૦

(૬) ગુ.ઉમેશ કિશોરલાલ શાહના એકલાના નામે પોરબંદરની વિભાગીય નાગરીક સહકારી બેન્ક લી. ખાદી ભુવન, સુદામા ચોક શાખાના ફીકસ ડીપોઝીટ રીસીપ્ટ એકાઉન્ટ નં.સીઆઈડી ૭૯૨૫૧ ૧૦૦૧૦૮૨૦૦૬૦૯૭/૪ જેની પાકતી મુદત તા.૦૭/૧૧/૨૦૧૮ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત. રૂા. ૧,૧૫,૭૩૮.૦૦

(૭) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુકત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, રાજ મહેલ રોડ શાખાની ટર્મ ડીપોઝીટ રીસીપ્ટ એકાઉન્ટ નં.૩૩૧૪૦૯૨૮૪૮ જેની પાકતી મુદત તા.૨૫/૦૮/૨૦૧૯ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૩,૧૯,૦૪૮.૦૦

(૮) ગુ. કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુક્ત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, રાજ મહેલ રોડ શાખાની ટર્મ ડીપોઝીટ રીસીપ્ટ

એકાઉન્ટ નં.૩૩૮૮૧૯૧૭૫૧ જેની પાકતી મુદત તા.૨૦/૧૨/૨૦૧૯ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૩,૧૦,૭૯૧.૦૦

(૯) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુક્ત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, રાજ મહેલ રોડ શાખાની ટર્મ ડીપોઝિટ રીસિપ્ટ એકાઉન્ટ નં.૩૩૧૪૦૯૬૦૧૪ જેની પાકતી મુદત તા.૦૨/૦૯/૨૦૧૯ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૬,૩૯,૩૯૦.૦૦

(૧૦) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ નામે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયામાં કેપીટલ ગ્રોથ યુનિટ સ્કીમ–૧૯૯૨(માસ્ટર ગેઈન –૯૨) માં ૧૦૦ યુનિટ જેના રજીસ્ટર ફોલીયો નં.MG–92 W0075243, CERTOFOCATE No.00498089 LS/1, Distrintive No (s).0052073701 – 0052073800, તા.૧/૧૦/૨૦૨૦ ની એનએવી મુજબ રૂા. ૧૫,૮૧૭.૦૦

(૧૧) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ નામે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયામાં કેપીટલ ગ્રોથ યુનિટ સ્કીમ–૧૯૯૨(માસ્ટર ગેઈન –૯૨) માં ૧૦૦ યુનિટ જેના રજીસ્ટર ફોલીયો નં.MG–92 W0075243, CERTIFICATE No.00498090 LS/2, Distrintive No(s).0052073801 – 0052073900, તા.૧/૧૦/૨૦૨૦ ની એનએવી મુજબ ૧૫,૮૧૭.૦૦

(૧૨) પોરબંદર જીલ્લા તિજોરી કચેરી માહેના PPO/PRO/ABD/Dist Trans/DPP/P/026528/1255, 19.08.19 માં જમાં રહેલ પેન્શનની રકમ જે કાંઇ હોય તે રૂા. ૧૬,૦૦૦.૦૦ કુલ રકમ રૂા. ૩૩,૫૪,૧૭૨.૧૫ અમો અરજદારના પિતા કિશોરલાલ ભગવાનદાસ શાહ તા.૨૦/૦૮/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ છે તથા માતા ભાનુમતિ કિશોરલા શાહ તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજ અવસાન પામેલ છે તથા ભાઇ ઉમેશ કિશોરલાલ શાહ તા. ૧૭/૦૮/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ છે તથા બહેન મનીષા કિશોરલાલ શાહ તા.૨૪/૦૯/૨૦૧૨ ના રોજ અવસાન પામેલ છે.

અમો અરજદારના ગુજરનાર પિતા કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ગુજરનાર ભાઈ ઉમેશ કિશોરલાલ શાહના મરણની તારીખે તેમની સીધીલીટીના અને કાયદેસરના અમો અરજદાર જ એકમાત્ર કાયદેસરના અને સીધીલીટીના વારસદાર રહેલા છીએ.અમો અરજદારના ગુજરનાર પિતા કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ગુજરનાર ભાઈ ઉમેશ કિશોરલાલ શાહના અમો અરજદાર સીવાય અન્ય કોઈ વારસદારો રહેલા ન હોય આ કામે સ્પેશીયલ સાયટેશનની નોટીશ કરવાની જરૂરીયાત રહેતી નથી. આ સીવાય અમો અરજદારના ગુજરનાર પિતા

કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ગુજરનાર ભાઈ ઉમેશ કિશોરલાલ શાહના કાયદેસરના અન્ય કોઈ વારસદારો નથી.

ઉપરોકત હકીકતે હાલની અરજી કરી દાદ માંગવાની કે:-(૧) ઉપરોક્ત હકીકતે અમો અરજદારના ગુજરનાર પિતા કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ગુજરનાર ભાઈ ઉમેશ કિશોરલાલ શાહના નામે શેડયુલમાં જણાવેલ જંગમ મિલ્કતનું અમો અરજદાર જોગ ધોરણસરનું વારસાઈ સર્ટીફીકેટ/પ્રમાણપત્ર ઈન્ડીયન સકસેશન એકટની જોગવાઈ હેઠળ કાઢી આપવા ઘટીત ન્યાયીક હુકમ કરવા અરજ છે. (૨) કાયદા તથા હકીકતે મળી શકતી અન્ય તમામ દાદ અગર હુકમો કરવા અરજ છે.

(૨) અરજદારની અરજી દાખલ થયા બાદ આ કામે આંક ૧ લગત હુકમ કરીને સદર અરજી લગત કોઈને કોઈ વાંધા તકરાર હોય તો તે રજુ કરવા સંબધે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ જે નોટીસ પ્રસિધ્ધ થયા બાદ હાલની અરજી લગત કોઈ વાંધો આવેલ નથી.

(૩) આ કામે અરજદાર દ્વારા તેની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| | |
|---|---|
| **આંક-૦૭** | **અરજદાર ચેતના ડો/ઓ કિશોરલાલ શાહ તે વા/ઓ જસ્મીન ભગતના પુરાવાનું સોગંદનામું** |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| | |
|---|---|
| **આંક-૧૬** | **વારસાઈ આંબો/પેઢીનામું** |
| **આંક-૧૭** | **અરજદારના પિતાનું મરણ પ્રમાણપત્ર** |
| **આંક-૧૮** | **અરજદારના માતાનું મરણ પ્રમાણપત્ર** |
| **આંક-૧૯** | **અરજદારના ભાઈનું મરણ પ્રમાણપત્ર** |
| **આંક-૨૦** | **અરજદારના બહેનનું મરણ પ્રમાણપત્ર** |
| **આંક-૨૧** | **અરજદારના પિતા/ભાઈના નામે રહેલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની પાસબુક** |
| **આંક-૨૨** | **અરજદારના પિતાના નામની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની પાસબુક** |
| **આંક-૨૩** | **અરજદારના પિતાના નામની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની પાસબુક** |
| **આંક-૨૪** | **અરજદારના ભાઈના નામની યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયાની પાસબુક** |

| | |
|---|---|
| **આંક–૨૫** | **અરજદારના ભાઇના નામની પોરબંદર વિભાગીય નાગરીક સહકારી બેંક લી. ની પાસબુક** |
| **આંક–૨૬** | **અરજદારના ભાઇના નામની પોરબંદર વિભાગીય નાગરીક સહકારી બેંક લી. ની ફિક્સ ડિપોઝીટ** |
| **આંક– ૨૭,૨૮,૨૯** | **અરજદારના પિતા/ભાઇના નામે રહેલ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયાની ફિક્સ ડિપોઝીટ** |
| **આંક–૩૦,૩૧** | **અરજદારના ભાઈ તથા માતાના નામે ભારતીય યુનિટ ટ્રસ્ટના શેર** |
| **આંક- ૩૭** | **જાહેર નોટીસ** |

(૩) ત્યારબાદ અરજદાર પક્ષ તરફે આંક–૩૨ થી પુરાવો પુરો થયાની પુરસીસ આપેલ છે.

(૪) આ કામે આંક–૦૮ થી અરજદાર ચેતના ડો/ઓ કિશોરલાલ શાહ તે વા/ઓ જસ્મીન ભગતનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ રાખેલ છે. જેમાં તેઓએ મહદ અંશે અરજી મુજબની હકીકતનો પુરાવો આપેલ છે. આ કામે અરજદારની અરજી લગત કોઇને વાંધો તકરાર હોય તે રજુ કરવા સંબધે ન્યુઝ પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે નોટીસ આ કામે આંક ૩૭ થી રજુ કરવામાં આવેલ છે પરંતુ હાલની અરજી લગત કોઇ વાંધા આવેલ નથી. આ કામે અરજદાર તર્ફે આંક ૧૬ થી પેઢીનામુ રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા તેમાં સ્વ.કિશોરલાલ ભગવાનદાસ શાહ થા તેઓની પત્ની ભાનુમતીબેન કિશોરલાલ શાહના બે દિકરી તથા એક દિકરો હતા. સ્વ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તા: ૨૦/૦૮/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ છે તેમજ તેઓની પત્ની ભાનુમતીબેન કિશોરલાલ શાહ તા: ૦૧/૧૧/૨૦૧૧ અવસાન પામેલ છે તેમજ દિકરો ઉમેશભાઇ કિશોરલાલ શાહ તા: ૧૭/૦૮/૨૦૧૯ ના રોજ અપરણીત અવસાન પામેલ છે તેમજ દિકરી મનીષાબેન કિશોરલાલ શાહ તા: ૨૪/૦૯/૨૦૧૨ ના રોજ અપરણીત અવસાન પામેલ છે. અને હાલમાં માત્ર અરજદાર ચેતનાબેન કિશોરલાલ શાહ એકમાત્ર હયાત વારસદાર છે. અરજદાર તર્ફે આંક ૧૭ થી ૨૦ સુધી મરણ દાખલા રજુ કરેલ છે. તેમજ આ કામે આંક ૨૧ થી ૩૧ સુધી સ્વ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા તેઓના દિકરા ઉમેશભાઇ શાહના નામે આવેલ જંગમ મિલ્કત (અરજીમાં જણાવેલ જંગમ મિલ્કત ક્રમ નંબર ૧ થી૧૧) દર્શાવતી પાસબુક ની નકલ તથા ફિક્સ ડીપોઝીટની રસીદો રજુ કરેલ છે. જે ધ્યાને લેતા આ કામે સ્વ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા તેઓના દિકરા ઉમેશભાઇ શાહના અરજદાર ચેતનાબેન સિવાય અન્ય કોઇ હયાત વારસદાર હોય તેવુ જણાઇ આવતુ નથી.તેમજ આ કામે હાલની અરજી લગત કોઇ વાંધા પણ આવેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે અરજદાર દ્વારા વારસા પ્રમાણપત્ર મેળવવા માટે જે અરજી કરવામાં આવેલ છે તે અરજી મંજુર કરવા પાત્ર જણાઇ આવે છે

પરંતુ આ કામે અરજદાર દ્વારા પોરબંદર જીલ્લા તિજોરી કચેરી માહેના PPO/PRO/ABD/Dist Trans/DPP/P/026528/1255, 19.08.19 માં જમાં રહેલ પેન્શનની રકમ જે કાંઇ હોય તે રૂા. ૧૬,૦૦૦.૦૦ સંબધે પણ વારસા પ્રમાણપત્રની માંગણી કરેલ છે પરંતુ આ કામે અરજદાર તર્ફે તે સંબધે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.આમ, અરજદારના પિતાના પેન્શન સંબધે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય તે પુરતુ વારસા સર્ટી આપવુ ન્યાયી જણાઇ આવતુ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

અરજદારને અરજીમાં જણાવેલ મિલ્કત: (૧)ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુક્ત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક, વાઘેશ્વરી પ્લોટ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં. ૧૯૮૨૩૧૧૧૦૪ માં રહેલ તા.૨૪/૦૯/૨૦૨૦ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૩,૮૦,૬૦૨.૯૦. (૨) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહના એકલાના નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક, વાઘેશ્વરી પ્લોટ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં.૧૯૮૨૩૧૧૧૧૫ પેન્શન એકાઉન્ટમાં રહેલ રકમ તા.૨૪/૦૯/૨૦૨૦ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૧૨,૨૩,૪૫૫.૦૦ (૩) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહના એકલાના નામે પોરબંદરની ભારતીય સ્ટેટ બેન્ક એમ.જી.રોડ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં. ૧૦૨૫૦૮૧૦૪૪૭ માં રહેલ રકમ તા.૦૮/૦૮/૨૦૧૯ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૨,૪૩,૭૧૨.૦૦ (૪) ગુ.શાહ ઉમેશ કિશોરભાઈના એકલાના નામે પોરબંદરની યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડીયા, કુબેર ફોરચ્યુન કોમ્પ્લેક્ષ, એમ.જી.રોડ શાખાના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં.૧૬૮૧૦૧૦૦૦૩૦૯૪ માં રહેલ રકમ તા.૦૭/૧૨/૨૦૧૯ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૫,૨૯૦.૨૫ (૫) ગુ.ઉમેશ કિશોરલાલ શાહના એકલાના નામે પોરબંદરની વિભાગીય નાગરીક સહકારી બેન્ક લી., ખાદી ભુવન, સુદામા ચોક શાખાના સ્પેશીયલ સેવીંગ બેન્ક એકાઉન્ટ નં.એસ.બી.૬૭૩૩ માં તા.૧૪/૧૧/૨૦૧૭ ની સ્થિતિએની રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૬૮,૫૧૧.૦૦ (૬) ગુ.ઉમેશ કિશોરલાલ શાહના એકલાના નામે પોરબંદરની વિભાગીય નાગરીક સહકારી બેન્ક લી. ખાદી ભુવન, સુદામા ચોક શાખાના ફીકસ ડીપોઝીટ રીસીપ્ટ એકાઉન્ટ નં.સીઆઈડી ૭૯૨૫૧ ૧૦૦૧૦૮૨૦૦૬૦૯૭/૪ જેની પાકતી મુદત

તા.૦૭/૧૧/૨૦૧૮ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત. રૂા. ૧,૧૫,૭૩૮.૦૦ (૭)ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુકત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, રાજ મહેલ રોડ શાખાની ટર્મ ડીપોઝીટ રીસીપ્ટ એકાઉન્ટ નં.૩૩૧૪૦૯૨૮૪૮ જેની પાકતી મુદત તા.૨૫/૦૮/૨૦૧૯ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૩,૧૯,૦૪૮.૦૦ (૮)ગુ. કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુક્ત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, રાજ મહેલ રોડ શાખાની ટર્મ ડીપોઝીટ રીસીપ્ટ એકાઉન્ટ નં.૩૩૮૮૧૯૧૭૫૧ જેની પાકતી મુદત તા.૨૦/૧૨/૨૦૧૯ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૩,૧૦,૭૯૧.૦૦ (૯) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ તથા ઉમેશ કિશોરભાઈ શાહના સંયુક્ત નામે પોરબંદરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, રાજ મહેલ રોડ શાખાની ટર્મ ડીપોઝિટ રીસિપ્ટ એકાઉન્ટ નં.૩૩૧૪૦૯૬૦૧૪ જેની પાકતી મુદત તા.૦૨/૦૯/૨૦૧૯ ની સ્થિતિએ મળવા પાત્ર રકમ તે પછીના વ્યાજ સહિત રૂા. ૬,૩૯,૩૯૦.૦૦ (૧૦) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ નામે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયામાં કેપીટલ ગ્રોથ યુનિટ સ્કીમ–૧૯૯૨(માસ્ટર ગેઈન –૯૨) માં ૧૦૦ યુનિટ જેના રજીસ્ટર ફોલીયો નં. MG–92 W0075243,CERTOFOCATE No.00498089 LS/1, Distrintive No (s).0052073701– 0052073800, તા.૧/૧૦/૨૦૨૦ ની એનએવી મુજબ રૂા. ૧૫,૮૧૭.૦૦ (૧૧) ગુ.કિશોરલાલ ભગવાનદાસ શાહ નામે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયામાં કેપીટલ ગ્રોથ યુનિટ સ્કીમ–૧૯૯૨(માસ્ટર ગેઈન –૯૨) માં ૧૦૦ યુનિટ જેના રજીસ્ટર ફોલીયો નં.MG–92 W0075243, CERTIFICATE No.00498090 LS/2, Distrintive No(s).0052073801– 0052073900, તા.૧/૧૦/૨૦૨૦ ની એનએવી મુજબ ૧૫,૮૧૭.૦૦, સંબધે નિયત કોર્ટ ફી સ્ટેમ્પ ભર્યે થી અરજદાર ચેતના ડો/ઓ કિશોરલાલ શાહ તે વા/ઓ જસ્મીન ભગતના નામનુ વારસા સર્ટીફીકેટ ઇશ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા: ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ ખુલી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૨૯/૧૨/૨૦૨૫**
**સ્થળ : પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.સીનીયર સીવીલ જજ**
**પોરબંદર**
**જી.જે.૦૧૧૩૦**